મધ્યાહ્‌ન ભોજન યોજનાના સંચાલકો પાસેથી મધ્યાહ્‌ન ભોજન યોજના સિવાયની અન્ય કામગીરી ન લેવા બાબત.

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંકઃ મભય/૨૦૧૧/એસીએચ-03/આર,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૨૯ /૦૫/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) પ્રમુખશ્રી, ગુજરાત રાજય મધ્યાહ્‌ન ભોજન યોજના કર્મચારી મહામંડળ, ગાંધીનગર ની ૧૮/૨/૨૦૧૨ ની રજુઆત.

પ રિ પ ત્ર

ગુજરાત રાજયમાં ચાલતી મધ્યાહ્‌ન ભોજન યોજનાના સુચારૂ સંચાલન માટે મધ્યાહ્‌ન ભોજન યોજના કેન્દ્રો પર સંચાલક, રસોઇયા અને મદદનીશની નિમણુંક કરવામાં આવે છે, અને તેઓ દ્વારા મધ્યાહ્‌ન ભોજન યોજનાને લગતી કામગીરી લેવાની હોય છે. સંદર્ભ-(૧) ના પત્રથી મળેલ રજુઆત મુજબ રાજયમાં ચાલતી મધ્યાહ્‌ન ભોજન યોજનાના સંચાલકો પાસેથી અન્ય કામગીરી જેવી કે, (૧) ચૂંટણીલક્ષી કામગીરી (૨) કુટુંબ કલ્યાણલક્ષી કામગીરી (૩) નાની બચતની કામગીરી (૪) પોલીયો રસી કરણની કામગીરી (૫) સાક્ષરતા અભિયાનની કામગીરી (૬) વસ્તી ગણતરીની કામગીરી (૭) બાળ નિધિની કામગીરી (૮) રેશનીંગ કાર્ડને લગતી કામગીરી અને રાહતની કામગીરી લેવામાં આવતી હોવાની રજુઆત મળેલ છે. ઉપર્યુકત રજુઆત લક્ષમાં લેતા આ યોજનાના અમલીકરણ સાથે સંકળાયેલ તમામ સબંધિ અધિકારીશ્રીઓને આથી સુચના આપવામાં આવે છે કે ઉપર દર્શાવ્યા પ્રમાણેની કોઇ પણ કામગીરી તેમજ મધ્યાહ્‌ન ભોજન યોજનાને સંલગ્ન ન હોય તેવી કોઇપણ કામગીરી આ કર્મચારીઓને સોંપવી નહી. જો કોઇ આવી કામગીરી સોંપવામાં આવશે તો તેના લીધે સરકારશ્રીએ નકકી કરેલ માનદવેતન કરતા વધારાની કોઇપણ નાણાંકીય જવાબદારી ઉભી થશે તો તે સંબંધિત કલેકટરશ્રી/નાયબ કલેકટરશ્રી (મ.ભો.યો.) /મામલતદારશ્રીની અંગત જવાબદારી રહેશે. અને તેઓની પાસેથી જ વધારાની રકમની વસુલાત કરવામાં આવશે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

( ડૉ. રણજીત કુમાર સિંહ, **I.A.S.**)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- શ્રી ચંદનસિંહ કે. વાઘેલા, પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી મહામંડળ, મુ. વાઘેલા, તાલુકો-સમી, જીલ્લો-પાટણ.
- શ્રી કિશોર એમ.જોષી, પ્રમુંખશ્રી, ગુજરાત રાજ્ય મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી મંડળ, મુ. બાલમવડી, તા. કાલાવાડ, જી. જામનગર.
- શિક્ષણ વિભાગ હેઠળના ખાતાના વડાઓ,
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
- સર્વે નાયબ કલેકટરશ્રી (મ.ભો.યો.)
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.